આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૧૧૯ | ૯ જુલાઇ, ૨૦૧૩, મંગળવાર; અષાઢ સુદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦



# સે. ૧૦માંથી મચ્છરોના બ્રીડીંગ મળી આવ્યા

## મહાનગરપાલિકાના તંત્રએ કન્સ્ટ્રક્શન કંપનીને નોટીસ ફટકારી : સે. ૧૦ના રાજ્યકક્ષાની કચેરીઓ માટે બની રહેલા બ્લોકોમાંથી ૨૨ જેટલી જગ્યા પર મચ્છરોના બ્રીડીંગ મળ્યા

ગાંધીનગર, તા. ૮

સેક્ટર-૧૦માં રાજ્યકક્ષાની કચેરીઓના નિર્માણની બાંધકામ સાઈટ પરથી ૬ મજૂરોને મેલેરિયા તેમજ ૧ મજૂરને ડેન્ગ્યુના લક્ષણો જણાતાં તંત્રએ હાથ ધરેલી તપાસમાં મળી આવ્યા હતા તેમજ આ સાઈટ પરથી ૨૨ થી પણ વધુ સ્થાનો પર મચ્છરોના બ્રિડીંગ મળી આવતાં ચોંકી ઉઠેલા તંત્રએ બી.પી.એમ.સી. એક્ટની જોગવાઈઓને આધિન નોટીસ ફટકારી સાઈટનું કેમ સીલીંગ ન કરવું તેમ જણાવતાં બાંધકામ વિભાગ ચોંકી ઉઠ્યું છે.

ગાંધીનગર શહેરમાં મેલેરિયા વિરોધી કાર્યવાહી માટે તંત્રએ હાથ ધરેલી કાર્યવાહીમાં કન્સ્ટ્રક્શન સાઈટોની ચકાસણી હાથ ધરી છે. સરગાસણ-કુડાસણની કન્સ્ટ્રક્શન સાઈટો બાદ ગાંધીનગર શહેરમાં ચાલતી વિવિધ બાંધકામોની સાઈટો પર ચકાસણી હાથ ધરી છે.

**આ સાઈટ પરથી સાદા મેલેરિયાના ૪, ઝેરી મેલેરીયાના ૨ તેમજ ડેન્ગ્યુનો એક કેસ મળ્યો કન્સ્ટ્રક્શન કંપનીને નોટીસ આપતું તંત્ર**

સેક્ટર-૧૦માં ચકાસણી દરમ્યાન રાજ્ય કક્ષાની કચેરીઓ માટેના બે બ્લોકના નિર્માણની કામગીરી સંભાળતી વડોદરાની કંપની સી.સી.ઈ.એલ. ના મજૂરોના સ્ક્રીનીંગમાં ચોંકાવનારી હકીકતો બહાર આવી હતી.

મજૂરોના સ્ક્રીનીંગ દરમ્યાન ૬ જેટલા મજૂરોને મેલેરિયાના તાવના કેસો મળ્યા હતા. જેમાં ૪ મજૂરોને સાદા મેલેરિયાના તેમજ બે મજૂરોને ઝેરી મેલેરિયાના તાવ જણાયા હતા. તો એક મજૂરને ડેન્ગ્યુની અસરો જણાઈ હતી. આ મજૂરોને શનિવારે જ સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા અને સંચાલકોને તાત્કાલિક એન્ટી લારવેલની કામગીરી કરવા માટે જણાવાયુ હતુ.

કન્સ્ટ્રક્શન કંપનીના સંચાલકો દ્વારા તંત્રની આ કાર્યવાહીનો નજરઅંદાજ કરાઈ હતી. આજે પુનઃ

● અનુસંધાન પાના-૭ પર

અષાઢ સુદ બીજના દિવસે નગરચર્યા માટે નીકળનાર ભગવાન જગન્નાથજી, ભાઈ બલરામ અને સુભદ્રાજી મોસાળેથી નિજમંદિરે પરત ફર્યા છે તેમની આંખો પર આજે પાટા બાંધવામાં આવ્યા છે. આ પાટા બીજની સવારે રથમાં બિરાજમાન થયા બાદ ખોલાશે. ભગવાને મોસાળમાં કેરી અને જાંબુ વધારે પ્રમાણમાં આરોગતા આંખો આવ્યાની પૌરાણિક કથા રથયાત્રા સાથે જોડાયેલી છે. ૧૫ દિવસ સુધી ભગવાન મોસાળમાં હોવાથી ભાવિકો મોટી સંખ્યામાં ભગવાનના દર્શને આવતા હોય છે. (તસવીર : દિપક જાની)

## પંચાયતોના મહેસુલી વેરાની નબળી વસુલાત માટે તલાટીઓ સામે પગલાં લેવાશે

### જિલ્લા વિકાસ અધિકારીએ તાલુકાના અધિકારીઓને પત્ર લખી લેખિતમાં સૂચના આપતાં તંત્રમાં સન્નાટો

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લામાં મહેસુલી વેરાની નબળી વસુલાત કરનાર તલાટી સામે શિક્ષાત્મક કાર્યવાહીના ભાગરૂપે નોટીસે આપી ઈજાફો અટકાવવા સુધીની કડક કાર્યવાહી કરવા જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ લેખિતમાં તાલુકા વિકાસ અધિકારીઓને તાકીદ કરી છે.

જિલ્લા વિકાસ અધિકારી શ્રી ભટ્ટે વસુલાત માટે આકરૂ વલણ અખત્યાર કરતાં તંત્રમાં સન્નાટો વ્યાપી જવા પામ્યો છે. પંચાયતી રાજનું નાણાંકીય વર્ષ ઓગષ્ટ-૨૦૧૩માં સંપન્ન થવામાં છે ત્યારે જિલ્લામાં આ કાર્યવાહી ૨૦ ટકા જેટલી જ થઈ હોવાનું જણાતાં ચોંકી ઉઠેલા ડી.ડી.ઓ.એ આ અંગે તમામ ટી.ડી.ઓ.ની સમીક્ષા બેઠકમાં આકરૂ વલણ લઈ સૌનો ઉઘડો લીધો હતો. આ પછી તેમણે લેખિતમાં આ અંગે તાકીદ કરવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ આપેલી આ તાકીદમાં જણાવ્યું છે કે ૨૦ ટકાથી ઓછી વસુલાત કરનાર તલાટી સામે શિક્ષાત્મક કાર્યવાહી શરૂ કરવામાં

● અનુસંધાન પાના-૭ પર



રાજ્ય સરકાર ગાંધીનગરને મૉડેલ સિટી બનાવવાની જાહેરાતો કરે કે મહાનગરપાલિકા શહેરને સ્વચ્છ બનાવવાની જાહેરાતો કરે, પણ વાસ્તવિકતા કંઈક જુદી જ છે એ વાતનો અનુભવ કરવો હોય તો સૅક્ટર-૪,૫,૬,૭ની મુલાકાત લેવી જોઈએ. દેશની વસતી કરતાંય વધુ ઝડપથી અહીં ઝૂંપડાઓની સંખ્યા વધી રહી છે. સ્થાનિક પૂછપરછ કચેરીઓ, દબાણ હટાવ તંત્ર, પાટનગર યોજના વિભાગ, મહાનગરપાલિકા કે રાજ્ય સરકાર - કોઈપણ આ મુદ્દે કંઈ જ બોલવા તૈયાર નથી એ જોતાં નજીકના ભવિષ્યમાં મુંબઈ માટે જેમ ધારાવીનું અનિષ્ટ અનિવાર્ય બની ગયું હતું એમ ગાંધીનગર માટેય આ ગેરકાયદેસર ઝૂંપડાઓનું અનિષ્ટ અનિવાર્ય બની જશે. (તસવીર : કશ્યપ નિમાવત)

## જિલ્લામાં શિક્ષકોની આંતરિક બદલી માટે ૧૫-૧૬મીએ કેમ્પ

ગાંધીનગર, તા.૮

આગામી તા. ૧૫ અને ૧૬ એપ્રિલ દરમિયાન જિલ્લાના પ્રાથમિક શિક્ષકોની આંતરિક અરસ પરસ બદલી માટેના કેમ્પોનું આયોજન શિક્ષણ તંત્ર દ્વારા કરવામાં આવ્યું છે.

૧૫મી એપ્રિલના રોજ અડાલજ મુકામે ગાંધીનગર અને દહેગામના શિક્ષકો માટે તેમજ ૧૬મીએ કલોલ અને માણસાના શિક્ષકો માટે આ કેમ્પ કલોલ ખાતે યોજવામાં આવ્યો હોવાનું જાણવા મળેલ છે.

૧૯મી તારીખે પણ વધુ એક કેમ્પ બદલીનો શિક્ષકો માટે યોજવામાં આવ્યો છે. ગાંધીનગર જિલ્લામાં શિક્ષકોની વધ ઘટને સમાવવા અંગેની કાર્યવાહી સંપન્ન કરાયા બાદ હવે અરસ પરસ આંતરિક બદલીના કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી સોલંકીના જણાવ્યાનુસાર જે શિક્ષકોએ તેમની ફરજના ત્રણ વર્ષ પૂર્ણ કર્યા હશે તેવા શિક્ષકોને જ આ બદલી કેમ્પમાં લાભ પાત્ર બની શકશે.

આ બદલી કેમ્પમાં ભાષા-ગણિત વિજ્ઞાનના શિક્ષકો માટે પણ ખાસ નીતિ તૈયાર કરવામાં આવી હોવાનું તંત્રના અંતરંગ સૂત્રોમાંથી જાણવા મળેલ છે. જો કે ધો-૧ થી ૫ના શિક્ષકોની બદલી માટેની કાર્યવાહી પણ અલગથી કરવામાં આવશે.

### મોદીની ટીમમાં વૈંકૈયા, નીતિન ગડકરી, અરૂણ જેટલીનો સમાવેશ કરાશે

ગાંધીનગર, તા. ૮

દિલ્હી ખાતે આજે મળેલી ભાજપ સંસદીય બોર્ડની બેઠક મળી હતી. જેમાં બે ચૂંટણી પ્રચાર સમિતિની રચના કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. ચૂંટણી પ્રચાર સમિતિના અધ્યક્ષ નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં રચવામાં આવનાર ચૂંટણી પ્રચાર સમિતિમાં મોદી ટીમમાં નીતિન ગડકરી, વૈંકૈયા નાયડુ, રામલાલ, અરૂણ જેટલી સહીતના યુવા નેતાઓનો સમાવેશ કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

## એ.ટી.વી.ટી. અંતર્ગત ૭૫૦થી પણ વધુ માળખાકીય સુવિધાના કામો કરાયા

ગાંધીનગર, તા. ૮

એ.ટી.વી.ટી. યોજના અંતર્ગત જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ૪૫૦ થી પણ વધુ આંતરિક રસ્તાના કામો, ૮૦ થી વધુ પીવાના પાણીના કામો, તેમજ ૨૦૦ થી વધુ ગટર વ્યવસ્થાના કામો હાથ ધરવામાં આવ્યા છે.

એ.ટી.વી.ટી. યોજના અંતર્ગત જિલ્લામાં આંતર માળખાકીય સુવિધાઓના સુદૃઢીકરણને અગ્રતા આપવામાં આવી છે અને તે મુજબ ૭૫૦થી વધુ કામો હાથ ધરવામાં આવ્યા હતા. આ પાછળ રૂ. ૮૯૩ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે.

૨૦૧૨-૧૩માં દહેગામમાં ઘન કચરાના નિકાલ માટેનું એક ખાસ અભિયાન પણ હાથ ધરવામાં આવ્યું હતું. ૨૦૧૧-૧૨માં સરકારે જિલ્લાને ૫૫૧.૬૩ લાખની ફાળવણી એ.ટી.વી.ટી. માટે કરી હતી. જે પૈકી રૂ. ૪૪૬.૨૯ લાખનો ખર્ચ કરવામાં આવ્યો હતો. જ્યારે ૧૨-૧૩માં આ યોજના અંતર્ગત ૫૪૯.૨૬ લાખની ફાળવણી કરાઈ હતી. જેમાંથી ૪૨૬.૬૩ લાખનો ખર્ચ કરાયો હતો.

૨૦૧૧-૧૨માં આંતરિક રસ્તાઓ માટે ૨૮૧.૦૩ લાખ, પીવાના પાણીના કામો માટે રૂ. ૫૦.૯૧ લાખ તથા ગટર વ્યવસ્થાના કામો માટે ૧૨૯.૯૫ લાખનો ખર્ચ કરવામાં આવ્યો હતો. ૨૦૧૨-૧૩માં આંતરિક રસ્તા માટે ૩૧૦ લાખ, પીવાના પાણીના કામો માટે ૪૧ લાખ તથા ગટર વ્યવસ્થાના કામો માટે રૂ. ૮૮.૯૬ લાખનો ખર્ચ કરવામાં આવ્યો હતો. રાજ્ય સરકારની અતિ મહત્વાકાંક્ષી યોજના આપણે તાલુકો વાયબ્રન્ટ તાલુકા અંતર્ગત કલસ્ટર બનાવી વિકાસના કામો હાથ ધરવામાં આવે છે તેમજ પ્રાંત અધિકારીને સત્તાઓ સોંપવામાં આવી છે.








